
### ધાનેરા નગરપાલિકા ના ડોર ટુ ડોર કચરાની આડમા

# મેડિકલ વેસ્ટ નાખતાં ખાનગી હોસ્પિટલો વાળા સામે દંડ ફટકારવા પ્રજાજનોની ઉગ્ર માંગ



ધાનેરા તા. ૩

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં સૂકો તેમજ ભીનો કચરો લેવા માટે નગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર વાહન મુકવામાં આવે છે જેમાં શહેરમાં આવેલી હોસ્પિટલોનો કચરો પણ લેવામાં આવે છે.

ત્યારે આ કચરાની સાથે કેટલીક ખાનગી હોસ્પિટલોમાંથી સૂકા ભીના કચરાની આડ્સમાં મેડિકલ વેસ્ટ ડોર ટુ ડોર વાહનમાં નાખી દેવામાં આવતું હોવાનું જાણવા મળેલ છે.

ધાનેરા નગરપાલિકાના અમુક વાહનોના ડ્રાયવરો દ્વારા ધાનેરાની હોસ્પિટલો મેડીકલો લેબોરેટરીઓ મેડીકલ એજન્સીઓની આગળ ડોર ટૂ ડોર કચરો લેવા માટેનું વાહન ઉભું રાખી ખુલ્લેઆમ મેડિકલ વેસ્ટ નગરપાલિકાના વાહનમાં નાખી નિકાસ કરવામાં આવી રહયો છે.

હોસ્પિટલોના સ્ટાફ દ્વારા ડસ્ટબીનમાં સૂકા કચરાની સાથે મેડિકલ વેસ્ટ પાલિકાની ગાડીમાં ઠાલવી દેવામા આવતા એ કચરો યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવતો ના હોવાથી અબોલ પશુઓ એ મેડિકલ વેસ્ટનો કચરો ખાઈને મોતને ભેટી રહી છે.

જો નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ટ્રેકટરો અને છોટા હાથીનુ ચેકીંગ કરવામાં આવે તો મેડિકલ વેસ્ટ મળી આવે તેમ છે. આવી રીતે હોસ્પિટલો દ્વારા કચરાની આડ્સમાં ડોર ટુ ડોર વાહનમાં તેમજ જાહેર જગ્યાએ મેડિકલ વેસ્ટ નાખવામાં આવતો હોવાથી તેઓની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી લોકો દ્વારા કરવામાં આવી છે.

### અરવલ્લી :મોડાસા રૂરલ પોલીસ જાદુગર.!!

# જીવણપુર નજીક જીપને ટક્કર મારનાર અલ્ટો કારમાંથી દારૂ મળ્યો હોવા છતાં FIRમાં છેદ ઉડાડ્યો..?

**અકસ્માતનો ભોગ બનેલ મુસાફરોએ દારૂની બોટલ સાથે વિડીયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો છતાં ફરિયાદમાં કોઈ ઉલ્લેખ નહીં: ખાખીની કામગીરી સામે સવાલ પેદા થતા SP સંજય ખરાત વાયરલ વિડીયોનું એનાલીસીસ કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરે તેવી જાગૃત નાગરિકોમાં પ્રબળ માંગ : અલ્ટો કારનો ચાલક પોલીસકર્મી અને તેના મિત્રો નશાની હાલતમાં હોવાના આક્ષેપ સામે પોલીસતંત્રનું ભેદી મૌન**





મોડાસા તા.૩

મોડાસા-શામળાજી રોડ પર જીવણપુર નજીક થોડા દિવસ અગાઉ અલ્ટો કારના ચાલકે રોંગ સાઈડ કાર હંકારી ટેમ્પો ટ્રાવેલર જીપને ધડાકાભેર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માતમાં ચાર મુસાફરોને ઈજાઓ પહોંચી હતી જેમાં એક વૃદ્ધા જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે અકસ્માત સર્જનાર અલ્ટો કારનો ચાલક નશામાં હોવાના આક્ષેપ લોકોએ કર્યા હતા અલ્ટો કારમાંથી દારૂની બોટલ મળી આવતા જીપમાં સવાર મહિલા મુસાફર અને તેના પરિવારજનોએ દારૂબંધી હોવા છતાં દારૂ ક્યાં મળે છે સાથે વિદેશી દારૂની બોટલ સાથે વિડીયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો રૂરલ પોલીસ દોડતી થઈ હતી અને અગમ્ય કારણોસર અકસ્માતનો ગુન્હો નોંધી સંતોષ માન્યો હતો ફરિયાદમાં દારૂની બોટલ અંગે ઉલ્લેખ ન હોવાથી રૂરલ પોલીસે દબાણવશ દારૂની બોટલનો છેદ ઉડાડયો હોવાની પોલીસબેડામાં ચર્ચા ચાલી રહી છે

ટેમ્પો ટ્રાવેલરને ટક્કર મારનાર અલ્ટો કારનો ચાલક પોલીસકર્મી હોવાનો અને શામળાજી પંથકમાં તેના મિત્રો સાથે દારૂની મહેફિલ માણી કારમાં દારૂની બોટલો સાથે હોવાનું અકસ્માત સ્થળે ઉમટેલા લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું હતું અને જાગૃત નાગરિકોએ અકસ્માતનો વિડીયો ઉતારી ઉચ્ચ પોલીસ અધિકારીને મોકલતા મોડાસા રૂરલ પોલીસ હરકતમાં આવી હતી અને ફરિયાદ તો નોંધી પણ પ્રોહિબિશનનો ગુન્હો પણ નોંધ્યો ન હતો અકસ્માતનો ભોગ બનેલ મુસાફરોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ પણ સમયસર ન પહોંચી હોવાનું આક્રોશ પૂર્વક જણાવ્યું હતું. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ટેમ્પો ટ્રાવેલરને ટક્કર મારનાર અલ્ટો કાર ચાલક સામે મહીસાગર સરસવાના ભાવીન શનાભાઈ વાગડીયાની ફરિયાદના આધારે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે ત્યારે ફરિયાદમાં દારૂના ગુન્હા અંગે કોઈ નોંધ ન હોવાથી મોડાસા રૂરલ પોલીસની કામગીરી સામે સવાલ પેદા થતા આ અંગે જીલ્લા પોલીસવડા વાયરલ વીડિયોના આધારે ઉચ્ચ અધિકારીને તપાસ સોંપે અને મહિલાએ વીડિયોમાં બતાવેલ દારૂની બોટલ ક્યાંથી આવી તે અંગે શખ્ત કાર્યવાહી કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે

# પાલનપુર હાઉસીંગ બોર્ડમાં પાણીની પાઈપલાઈન લીકેજ : રોડ ઉપર પાણી વેડફાતાં લોકોમાં રોષ



પાલનપુર તા.૩

પાલનપુર ધનિયાણા ચોકડીને સાંકળતા માર્ગ ઉપર હાઉસીંગ બોર્ડમાં પાણીની પાઈપલાઈન લીકેજ થતાં રોડ ઉપર પાણી રેલાય છે. પાણીના વેડફાટને લઈને લોકોમાં પાલિકા સામે રોષ ઉદભવવા પામ્યો છે.

પાલનપુરમાં ધનિયાણા ચોકડીને સાંકળતાં માર્ગની બાજુમાં આવેલી હાઉસીંગ બોર્ડમાં છેલ્લા બે દિવસથી પાણીની પાઈપ લાઈન લીકેજ થતાં અડધો કિલોમીટર સુધી જાહેર માર્ગ ઉપર પાણી વહી રહ્યું છે. અશોકભાઈ વણજારાએ જણાવ્યું કે, હાઉસીંગ બોર્ડમાંથી લીકેજ પાઈપ લાઈનનું લાખો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. આ અંગે નગરપાલિકામાં જાણ કરી હોવા છતાં પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવતું નથી. જે પાણી જાહેર માર્ગ ઉપર અડધો કીલોમીટર સુધી વહી રહ્યું છે.

## પાલનપુરમાંથી બે બાઈકની ઉઠાંતરી

પાલનપુર તા.૩

પાલનપુરભીમરાવનગર સોસાયટીમાંથી બે બાઈકની ચોરી થઈ હતી. સોસાયટીમાં રહેતા ઈશ્વરભાઈ દલુરામ શ્રીમાળીએ પોતાનું બાઈક નં. જીજે. ૦૯. સીઆર. ૬૭૮૪ ઘર આગળ પાર્ક કર્યુ હતુ. જેની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરી ગયો હતો. જ્યારે રાજેશકુમાર અશોકભાઈ સોલંકીના બાઈક નં. જીજે. ૦૮. બી.આર. ૯૩૭૭ની પણ ચોરી થઈ હતી. બંને બાઈકની શોધખોળ કરવા છતાં પત્તો ન મળતાં પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# અરવલ્લી : પોલીસ ડોગ ક્રુઝનું અવસાન થતા ‘ગાર્ડ ઓફ ઓનર’ સાથે અંતિમ વિદાય

### પોલીસકર્મીઓની આંખો ભીની થઇ

મોડાસા, તા. ૩

અરવલ્લી પોલીસના ડોગ સ્ક્વોડ વિભાગના ડોગ ક્રુઝનું ટૂંકી બીમારી પછી અવસાન થતા શોકની લાગણી છવાઈ હતી ૭ વર્ષથી જીલ્લા પોલીસતંત્રનો ગુન્હાના ભેદ ઉકેલવામાં સારથી તરીકે ફરજ બજાવતો હતો.

ક્રુઝ નામના ડોગે અત્યાર સુધીમાં જીલ્લામાં બનેલ ચોરી, લૂંટ સહિતના અનેક ગુનાઓમાં સરાહનીય કામગીરી કરી હતી. જેને લઈને પોલીસ ક્રુઝ નામના ડોગની કામગીરી ક્યારેક ભૂલી શકશે નહિ. પોલીસ જવાનોએ ક્રુઝના મૃતદેહને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિધિ કરી હતી.



અરવલ્લી પોલીસ વિભાગના ડોગ સ્ક્વોડમાં ક્રુઝ નામના ડોગનું અવસાન થતાં પોલીસ કર્મીઓમાં શોકની લાગણી જોવા મળી રહી છે. લેબ્રાડોર પ્રજાતિનો મેલ ડોગ જીલ્લા પોલીસતંત્રને ૭ વર્ષ અગાઉ ભેટમાં મળતા ક્રુઝ નામ આપી એક વર્ષની સઘન તાલીમ પછી જીલ્લા ડોગ સ્ક્વોડમાં સમાવવામાં આવ્યું હતું, ત્યારથી અરવલ્લી પોલીસ સામે આવેલ અનેક નાના મોટા ગુનાઓને શોધવામાં પોલીસે ક્રુઝ ડોગની મદદ લીધી હતી.અને શામળાજી,મોડાસા ટાઉન અને બાયડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ત્રણ ગંભીર ગુન્હામાં ક્રુઝ ડોગના માર્ગદર્શનથી આરોપી સુધી પોલીસ પહોંચવામાં સફળ રહી ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો . જેની સરાહનીય કામગીરીને લઈને પોલીસ જવાનો દ્વારા ક્રુઝના મૃતદેહને જેમ એક પોલીસ જવાન ફરજ દરમિયાન મૃત્યુ પામે ત્યારે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે તેવી રીતે ક્રુઝ નામના ડોગને પણ ગાર્ડ ઓફ ઓનરનું સન્માન આપીને તેના દેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

### સાબરકાંઠા જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ

# નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા તંત્ર સજ્જ: કલેકટર હિતેષ કોયા

**જિલ્લાના ૧૩૨૩ મતદાન મથકો પરથી ૧૧,૦૮,૭૨૨ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે : ૨૮ સખી મતદાન મથકોમાં મહિલા કર્મચારીઓ કામગીરી**



સાબરકાંઠા જિલ્લા કલેક્ટર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ચૂંટણી કાર્યક્રમ અંગેની જાણકારી માટે જિલ્લા કલેક્ટર કચેરી-હિંમતનગર ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જિલ્લામાં આદર્શ આચારસંહિતના અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું જણાવતા જિલ્લા કલેકટર હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થતા તા.૦૩ નવેમ્બર-૨૦૨૨થી જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બનેલ છે. જેમાં જિલ્લામાં પોસ્ટર, બેનર્સ અને હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું. આદર્શ આચારસંહિતાના અમલમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી કાર્યવાહી થાય તે માટે ચૂંટણી સંબંધી કોઈપણ ફરિયાદ મતદાર સંબંધી હેલ્પલાઈન "સી-વિઝીલ"મોબાઈલ એપથી પણ ફરીયાદ કરી શકાશે જેમાં ૧૦૦ મિનિટમાં ફરીયાદનું નિવારણ કરાશે તેમ તેમણે જણાવ્યુંહતુ. સાબરકાંઠા જિલ્લાના ચાર વિધાનસભા મતવિસ્તારોનો સમાવિષ્ટ થાય છે જેમાં હિંમતનગરમાં વિધાનસભા વિસ્તારમાં ૩૩૮, ઈડરમાં ૩૫૩, ખેડબ્રહ્મામાં ૩૨૭ અને પ્રાંતિજમાં ૩૦૫ મળી કુલ ૧૩૨૩ મતદાનમથકો કાર્યરત થશે. જેમાં જિલ્લાના ૫,૬૭,૩૫૩ પુરૂષ, ૫,૪૧,૩૩૭ સ્ત્રી તેમજ ૩૨ અન્ય એમ મળી જિલ્લાના કુલ ૧૧,૦૮,૭૨૨ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ તા.૦૫ ડિસેમ્બર-૨૦૨૨ને રોજ કરશે જેમાં ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા ૧૯,૬૮૬ જયારે ૯,૮૭૯ દિવ્યાંગ મતદારોનો સમાવેશ થાય છે ઉલ્લેખીયની છે કે ૩૧,૦૭૬ યુવા મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ જાહેર થતાં ગુજરાતમાં બે તબક્કામાં થનાર ચૂંટણી પ્રક્રિયાની વિગતો મુજબ સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પાડવાની તારીખ તા.૧૦ નવેમ્બર-૨૦૨૨ (ગુરૂવાર), ઉમેદવારીપત્રકો ભરવાની છેલ્લી તા.૧૭નવેમ્બર-૨૦૨૨ (ગુરૂવાર), ઉમેદવારીપત્રકોની ચકાસણીની તા.૧૮ નવેમ્બર- ૨૦૨૨ (શુક્રવાર), ઉમેદવારીપત્રક પરત ખેંચવાની છેલ્લી તા.૨૧ નવેમ્બર-૨૦૨૨ (સોમવાર) રહેશે. તા.૦૫ડિસેમ્બર- ૨૦૨૨ ને સોમવારના રોજ મતદાન અને તા.૦૮ ડિસેમ્બર- ૨૦૨૨ (ગુરૂવાર)નારોજ મતગણતરી થશે. ચૂંટણી પ્રક્રિયા તા.૧૦ડિસેમ્બર-૨૦૨૨ (શનિવાર)ના રોજ પૂર્ણ થશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતુ કે, ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ રાખવા ફરિયાદ નિવારણ કમિટી તથા ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ રાખવા જિલ્લા ખર્ચ નિયંત્રણ કમિટીનીરચના કરવામાં આવી છે. આ ઉપરાંત વિડીયો સર્વેલન્સ-વ્યૂઈંગ, ફ્લાઈંગ સ્કવોડ,સ્ટેટિક સર્વેલન્સ, એકાઉન્ટીંગની ટીમ કામગીરી કરશે. સાબરકાંઠા જિલ્લા સમાવિષ્ટ ચાર વિધાનસભાના ૨૮ મતદાન મથકો પર સંપૂર્ણ મહિલા કર્મચારીઓ ફરજ બજાવશે. જયારે હિંમતનગરના પેથાપુર, ઈડરના ચોરીવાડ, પ્રાંતિજના ઝીંઝવાઅને ખેડબ્રહ્માના ખેડબ્રહ્મા શહેર મતદાન મથક સંપૂર્ણ ઈકો ફ્રેન્ડલી મતદાન મથક બનાવાશે, આ ઉપરાંત હિંમતનગરના હડીયોલ, ઈડરના નેત્રામલી, પ્રાંતિજના બાકરપુરઅને ખેડબ્રહ્માના શહેરી વિસ્તારના મતદાન મથકમાં મોડૅલ મતદાન મથક ઉભુ કરાશે. તો હિંમતનગરના ડીઆઈએલઆર મતદાન મથક, ઈડરની પ્રાથમિક શાળા, ખેડબ્રહ્માની કે.ટીહાઈસ્કૂલ અને પ્રાંતિજના મહિયલ મતદાન મથકમાં દિવ્યાંગ કર્મીઓ ફરજરત રહેશે.

**જિલ્લા કુલ કેટલા મતદારો**

| ક્રમ | વિધાનસભા વિસ્તાર | પુરૂષ મતદારો | સ્ત્રી મતદારો | અન્ય મતદારો | કુલ મતદારો |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૪૨૭૯૧ | ૧૩૭૩૪૩ | ૧૮ | ૨૮૦૧૫૨ |
| ૨ | ઈડર | ૧૪૬૨૦૬ | ૧૪૦૬૦૫ | ૦૫ | ૨૮૬૮૧૬ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૪૪૬૯૧ | ૧૩૮૧૭૯ | ૦૫ | ૨૮૨૮૭૫ |
| ૪ | પ્રાંતિજ | ૧૩૩૬૬૫ | ૧૨૫૨૧૦ | ૦૪ | ૨૫૮૮૭૯ |
| | કુલ | ૫૬૭૩૫૩ | ૫૪૧૩૩૭ | ૩૨ | ૧૧૦૮૭૨૨ |

### અરવલ્લી : ખનીજ માફિયાઓ સામે ખાણ ખનીજ વિભાગ લાચાર...!!

# રેડ કરવા ગયેલી ટીમે જપ્ત કરેલ વાહનો ખનીજ માફિયાઓ છોડાવી ગયા

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે જીલ્લામાં લાલ માટી,મોરમ,રેતી-કપચીનું મંજૂરી મેળવીને તે સિવાયના સ્થળે કે મંજુરીથી વધુ વિસ્તારોમા કે મંજુરી મેળવ્યા વગર જ ખનીજ ચોરી અનેક જગ્યાએથી થાય છે તે જગજાહેર બાબત છે, આવા સ્થળો લગત વિભાગથી અજાણ હોય તેવુ તો બને નહી ખાણ ખનીજ વિભાગના જ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની છત્રછાયા નીચે બેફામ બનતા રેડ કરવા ગયેલી ટીમ પર હુમલો કરતા અચકાતા નથી.




પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ વિભાગના માઈન્સ સુપરવાઈઝરને ગાજણ ગામ નજીક ડુંગર પરથી બેફામ ખનીજ ચોરી થતી હોવાની બાતમી મળતા મંગળવારે રાત્રે ખાણ ખનીજ વિભાગની ટીમે સિક્યુરીટી સાથે રેડ કરી જેસીબી મશીન,ટ્રેકટર સહીત અન્ય વાહન જપ્ત કરવાની કામગીરી હાથધરતા સ્થળ પર ખાણખનીજ માફિયા અને તેના મળતીયાઓની ગેંગ ઘટના સ્થળે પહોંચી રેડ કરનાર ટીમને ઘેરી લઈ રોડ પર જપ્ત કરેલ વાહનો માટે બાઈકો અન્ય આડાશો મૂકી દઈ જપ્ત કરેલ વાહનો લઈ ખનીજ માફિયાઓ નાસી છૂટ્યા હતા.ખનીજ માફિયા ગેંગ સામે ખાણ ખનીજ વિભાગની ટીમ લાચાર બનતા મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ પહોંચે તે પહેલા ખનીજ માફિયાઓ જપ્ત કરેલ વાહનો લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા તંત્ર દ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અરજી આપતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

# ભાજપની પાર્લામેન્ટરી બોર્ડમાં ઉમેદવારો પર થશે મંથન...!!!

## પાલનપુરમાં ટીકીટ માંગણીને લઈને ‘કમલમ’માં ધામા

પાલનપુર તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થવા આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા મુરતિયા ઓ પર મંથન માટે આવતીકાલથી ભાજપનું પાર્લામેન્ટરી બોર્ડ મળી રહ્યું છે. જેમાં ઉત્તર ગુજરાત પર ચર્ચા થશે. જેમાં બનાસકાંઠાનો પણ સમાવેશ થતો હોઈ કમલમ ખાતે પાલનપુરની ટિકીટને લઈને વિવિધ સમાજના અને સંગઠનના અગ્રણીઓએ ધામા નાખી રજુઆત કરી હતી. જેમાં ખાસ કરીને ભાજપમાં વર્ષોથી મજૂરી કરનાર કાર્યકરને અને પાલનપુરની બેઠક ન ઉમેદવાર બનાવવા ની પ્રબળ માંગ ઉઠી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુર ભાજપનો ગઢ હોવા છતાં છેલ્લા ૧૦ વર્ષથી કોંગ્રેસના પાટીદાર ધારાસભ્ય ચૂંટાઈ આવે છે. ત્યારે પાલનપુરની બેઠક કબ્જે કરવા ભાજપે મુરતીયા મંથન આદર્યુ છે. જોકે, જિલ્લામાં સૌથી વધુ પાલનપુર સીટ પર ૮૪ ઉમેદવારોએ ટીકીટ માંગી છે. ત્યારે પાલનપુરની ટીકીટ મેળવવા વિવિધ સમાજના ઉમેદવારોએ લોબિંગ શરૂ કર્યું છે. જોકે, આજથી પ્રદેશ ભાજપ ની પાર્લામેન્ટરી બોર્ડ મળી રહ્યું છે. જેમાં ઉમેદવાર પસંદગીની કવાયત હાથ ધરવામાં આવશે. ત્યારે પાલનપુર ની બેઠક કબ્જે કરવા વિવિધ સમાજો દ્વારા તર્કબદ્ધ દલીલ સાથેની રજુઆત કરવા વિવિધ સમાજના અગ્રણીઓ કમલમ માં ધામા નાખ્યા હતા. જેમાં ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોએ એક જ સુરે પાર્ટીમાં વર્ષોથી કામ કરતા કાર્યકરને જ ટીકીટ મળે તેવી રજુઆત કરી હોવાના અહેવાલ સાંપડયા છે.

### પાર્ટીના પાયાના કાર્યકરને ટીકીટ ફાળવવા માંગ

પાલનપુર બેઠક પર ૮૪ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા ભાજપની ગતરોજ સંકલનની બેઠક મળી હતી. જેમાં શોર્ટલિસ્ટ કરી ૭ થી ૯ નામો પાર્લામેન્ટરી બોર્ડમાં મોકલવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ત્યારે આજે "કમલમ" માં ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો અને વિવિધ સમાજ ના અગ્રણીઓ દ્વારા બહારના ઉમેદવાર ને બદલે પાર્ટીના કાર્યકરને જ ટીકીટ ફાળવવામાં આવે તેવી માંગ કરાઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.